**સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવા તેમજ ૫મી ડિસેમ્બર (World Soil Day)ની ઉજવણીના કાર્યક્રમો અંગે ચર્ચા કરવા માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા.૧૭/૧૧/૨૦૧૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી ભવનના કોન્ફરન્સ રૂમ, નવસારી ખાતે મળેલ સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ**

આ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહયા હતાઃ

| | | |
|---|---|---|
| ૧ | ડૉ. એ.એન. સાબલપરા | સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૨ | ડૉ. જી.આર. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૩ | ડૉ. બી.એલ. રાદડીયા | નિયામકશ્રી, આઈ.ટી., નકૃયુ, નવસારી |
| ૪ | ડૉ. કે. એ. પટેલ | સહ સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી |
| ૫ | ડૉ. બી.જી. સોલંકી | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), નકૃયુ, સુરત |
| ૬ | ડૉ. વી. પી. ઉસદડીયા | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, SWMRU, નકૃયુ, નવસારી |
| ૭ | ડૉ. એ. દાસ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન, નકૃયુ, નવસારી |
| ૮ | ડૉ. જી.જી. પટેલ | પ્રાધ્યાપક અને વડાશ્રી, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, નકૃયુ, નવસારી |
| ૯ | ડૉ. સી. કે. ટીંબડીયા | પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કેવિકે, નવસારી |
| ૧૦ | ડૉ. વી. જે. ઝીંઝાલા | પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કેવિકે, વઘઈ |
| ૧૧ | ડૉ. જે. જે. પસ્તાગીયા | પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કેવિકે, સુરત |
| ૧૨ | ડૉ. સી. ડી. પંડયા | પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કેવિકે, તાપી |
| ૧૩ | ડૉ. જે. જે. રાઠોડ | પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કેવિકે, નર્મદા |
| ૧૪ | ડૉ. ડી. કે. શર્મા | ઈ/ચા સંશોધન વૈજ્ઞાનિકશ્રી, AES, પરીયા |
| ૧૫ | ડૉ. કે.જી. પટેલ | સહ પ્રાધ્યાપકશ્રી, ફુડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, નકૃયુ, નવસારી |
| ૧૬ | ડૉ. કે. એચ. પટેલ | સહ પ્રાધ્યાપકશ્રી, નકૃયુ, ભરૂચ |
| ૧૭ | ડૉ. એ. આર. કસવાળા | સહ પ્રાધ્યાપકશ્રી, ACHF, નકૃયુ, નવસારી |
| ૧૮ | શ્રી એમ.સી. પટેલ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન, નકૃયુ, નવસારી |
| ૧૯ | શ્રી એ. એમ. પટેલ | મદદ. પ્રાધ્યાપકશ્રી, સં. નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૨૦ | શ્રી સંજય એલ. પવાર | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, SWMRU, નકૃયુ, નવસારી |
| ૨૧ | શ્રી એલ. એમ. પાટીલ | વિષય નિષ્ણાંતશ્રી, કેવિકે, ભરૂચ |
| ૨૨ | શ્રી એ.ડી. રાજ | વિષય નિષ્ણાંતશ્રી, કેવિકે, દેડિયાપાડા |
| ૨૩ | ડૉ. એમ. આર. ગામી | વિષય નિષ્ણાંતશ્રી (પાક ઉત્પાદન), કેવિકે, નકૃયુ, વ્યારા |
| ૨૪ | શ્રી એમ. એમ. ગજ્જર | વિષય નિષ્ણાંતશ્રી, કેવિકે, વલસાડ |
| ૨૫ | શ્રી એસ. ડી. કવાડ | મદદ. વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિ.શિ.નિ.શ્રીની કચેરી, નકૃયુ, નવસારી |
| ૨૬ | શ્રી એ.ડી. ગઢીયા | એગ્રી ઓફિસરશ્રી, નકૃયુ, તણછા |

ભારત સરકાર દ્વારા International Year of Soils ની ઉજવણી અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા કુલ ૫૦૦ સોઈલ હેલ્થ કાર્ડ બનાવવા તેમજ યુનિવર્સિટી કાર્યક્ષેત્ર હેઠળના દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્રોએ જે તે જિલ્લામાંથી ૨૫૦ સોઈલ હેલ્થ કાર્ડ બનાવવા માટે માટીના નમુનાઓ લઈ તેનું પૃથકકરણ કરી ૨૫ નવેમ્બર સુધીમાં સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરી ૫ ડિસેમ્બર (World Soil Day)ના રોજ ખેડૂતોને વિતરણ કરવાના થાય છે તેની સમીક્ષા અંગે મળેલ બેઠકમાં સંશોધન નિયામકશ્રી દ્વારા સર્વોને આવકારી બેઠકની શરૂઆત કરવામાં આવી.

સૌ પ્રથમ તા.૦૫/૧૦/૨૦૧૫ના રોજ મળેલ પ્રથમ બેઠક દરમ્યાન લેવાયલ નિર્ણયો અંગે સમીક્ષા કરવામાં આવી જેમાં યુનિવર્સિટી હેઠળની દરેક સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીને ફાળવવામાં આવેલ લક્ષ્યાક સામે થયેલ પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી.

**ચર્ચા દરમ્યાન નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા:**

- Available નાઈટ્રોજન માટે ઓર્ગેનિક કાર્બનના ડેટા લઈ ડો. એ. દાસ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ તથા ડો. કે.જી. પટેલ, સહ પ્રાધ્યાપકશ્રી, ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરીને સોફટ કોપીમાં તાત્કાલિક મોકલવાના રહેશે.
- Micro nutrients ના પૃથકકરણ માટે એકસ્ટ્રેકટ તૈયાર કરી ડો. જી.જી. પટેલ, પ્રાધ્યાપકશ્રી, સેન્ટ્રલ લેબનો સંપર્ક કરવો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેડીયાપાડા અને સુરત ખાતે જમીન ચકાસણી પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી તેમના હસ્તકના જમીનના નમુનાઓ પૈકી કેવિકે, સુરતના નમુનાઓ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરતની લેબમાં નિષ્ણાંતને મોકલી કરવાના રહેશે, જયારે કેવિકે, દેડીયાપાડાના નમુનાઓ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નવસારીની લેબમાં નિષ્ણાંતને મોકલી કરવાના રહેશે.
- સોઈલ હેલ્થ કાર્ડમાં દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકો શેરડી, કપાસ, ડાંગર, જુવાર, નાગલી અને તુવેરની વિગતો જિલ્લા પ્રમાણે દર્શાવવી.
- ગાંધીનગર ખાતે તા.૧૮/૧૧/૨૦૧૫ના રોજ યોજાનાર મિટીંગમાં ડૉ એ. દાસે પણ હાજર રહી કાર્ડ બનાવવા અંગે વિગતે ચર્ચા કરવી.
- Director ATARI, જોધપુર દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી, વ્યારા, વઘઈ અને દેડીયાપાડાને Soil Testing Kit ખરીદવા માટે કેન્દ્ર દીઠ રૂા. ૧૨૫૦૦૦/–ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, તેમાંથી Nagarjuna Agro Chemicals Pvt. Ltd. Hydrabad દ્વારા પુરી પાડવામાં આવતી Mridaparikshak- A digital Minilab જરૂરી રીફીલ સાથે ખરીદ કરવાનું નકકી કરવામાં આવ્યું.
- સબંધિત સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીના વડા દ્વારા તા.૫ ડિસેમ્બર (World Soil Day)ના રોજ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવા માટે જે તે વિસ્તારના સંસદસભ્ય/ધારાસભ્ય અથવા અન્ય પદાધિકારીશ્રીઓની હાજરીમાં કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે. જેમાં સોઈલ હેલ્થ કાર્ડ અંગેની સમજ માટે જમીન વૈજ્ઞાનિકશ્રીઓના વકતવ્ય પણ ગોઠવવા.

અન્ય કોઈ મુદ્દા ચર્ચવાના બાકી ન રહેતા બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

(જી.આર.પટેલ)
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૫૦/૨૦૧૫
નવસારી તા.૨૧/૧૧/૨૦૧૫